INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી તા. ૧૦-૦૭-૨૦૨૩

**તાજેતરમાં આવેલા ભારે વરસાદને કારણે જુનાગઢ, પોરબંદર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઘેડ વિસ્તારમાં ભારે પુર આવતા ખેડૂતોની જમીન, વાવેતર, રસ્તાઓ અને ઝાડ-પાનને ભારે નુકશાન** થયું છે. અસરગ્રસ્ત વિસ્તારની **કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ આગેવાનોએ મુલાકાત દરમ્યાન અસરગ્રસ્તો પાસેથી જાત માહિતી મેળવી તે ઘણી જ ગંભીર અને ચિંતાજનક હોવા છતાં છેલ્લા વીસ વર્ષથી ભાજપ સરકાર ઘેડ વિસ્તાર સાથે ઓરમાયુ વર્તન** દાખવી રહી છે ત્યારે **પોરબંદર, જુનાગઢ અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઘેડ વિસ્તારના હજારો પરિવારોને કાયમી ન્યાય મળે તેવી માંગ** કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ અને ધારાસભ્યશ્રી અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું હતું કે, તાજેતરના પુરના કારણે ખેડૂતોના ખેતરોમાં ધોવાણ થયા છે. વાવેતર કરેલ પાક સંપુર્ણ નિષ્ફળ ગયેલ છે. ઘાસચારાનો નાશ થયો છે અને ગામડાઓમાં ઘણા બધા મકાનોને નુકશાન થયું છે. હજી પણ ખેતરોમાં પાણી ભરાયેલા છે. ખેતરોમાં ભારે ધોવાણ થવાને કારણે અમુક ખેતરોમાં તો વાવેતર પણ થઈ શકે તેમ નથી. અસરગ્રસ્ત વિસ્તારોમાં ગામના મજુરોએ રોજી ગુમાવી છે તો મજુર વર્ગને ૨૦ દિવસની કેશ ડોલ્સ આપવા, ઘાસચારાના નુકશાનનું વળતર આપવા અને જે મકાનોને નુકશાન થયું છે તેમને નુકશાનીનું વળતર, જેમના ખેતરો ધોવાયા છે તે ખેતરોને સમથળ કરવા, જે ખેડૂતોના વાવેતરને નુકશાન થયું છે તે ખેડૂતોને તાકીદે નવું બીયારણ ખરીદવા અને પાક નિષ્ફળ ગયો છે તેમને ખાસ આર્થિક પેકેજની સરકાર તાત્કાલીક ઘોષણા કરે.

**ઘેડ વિસ્તારની ગંભીર સમસ્યાના કાયમી ઉકેલની માંગ સાથે રાજ્ય સરકારને હકારાત્મક સૂચનો કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ અને ધારાસભ્યશ્રી અર્જુન મોઢવાડીયા**એ જણાવ્યું હતું કે, જુનાગઢ જિલ્લાના માણાવદર તાલુકાના પીપલાણા ગામથી કેશોદ તાલુકાના બામણાસા થઈ ઘેડ થી બાલાગામ તથા માંગરોળ તાલુકાના અસા ગામ સુધીના ૧૬ કિ.મી. માં ઓઝત નદી છીંછરી અને સાંકડીથઈ જવાથી ભારે પુર વખતે ઓઝત નદીનું પાણી ઓવરફ્લો થઈને ખેતરોમાં જાય છે. આ પાણીને રોકવા કાંઠાના ખેડૂતોએ પાળા બાંધ્યા છે અને કુદરતી વોંકળાઓ બંધ થયા છે. આ પ્રશ્નનો કાયમી ઉકેલ લાવવામાં માટે બામણાસા સુધીની ઓઝત નદીને ઉંડી પહોળી કરવી જરૂરી છે. આ માટે આ નદી ઉપરના દબાણો ચકાસવા માટે નદીનો સર્વે કરીને નદીને પહોળી કરવામાં આવે તેવી માંગણી છે. આ કામ પુરૂ કરવા કોઈ વધારાનો ખર્ચ કર્યા વગર મોટા ભાગનું કામ લોક ભાગીદારી થી કરી શકાય તેમ છે. કાંઠા ઉપરના ખેડુતોને જ માટી ઉપાડવાની શરતે પ્લાન મુજબ નદીને પહોળી કરી શકાય તેમ છે. આ કામ દિવાળી ઉપર શરૂ કરવામાં આવે તો ચોમાસા પહેલા જ કામ પૂર્ણ થઈ શકે.

**ઘેડ વિસ્તારમાંથી પસાર થતી તમામ નદીઓ અને તેમાંથી બનાવેલી સ્પ્રેડીંગ કેનાલોને રીમોડેલ કરવા અને ઉંડી પહોળી કરવાનું કામ પણ દિવાળી પછી તુર્ત જ કરવામાં આવે તેવું આયોજન કરવું જરૂરી** છે. આ માટે ચોમાસામાં જ અંદાજો બનાવવા અને ટેન્ડર પ્રક્રિયાઓ પુર્ણ કરવામાં આવે. મેઢાક્રિક (હર્ષદ મિયાણી) થી પોરબંદર - માધવપુર - આદ્રી (ગીર સોમનાથ) સુધીની કોસ્ટલ કેનાલમાં મીસીંગ લીંકના કામો તાકીદે શરૂ કરાવીને પુર્ણ કરવામાં આવે. ક્ષાર-અંકુશ વિભાગમાં ટેકનીકલ સ્ટાફની જગ્યાઓ મોટાપાયે ખાલી છે જે તાકીદે ભરવામાં આવે તે જરૂરી છે.

પોરબંદર અને જુનાગઢ જિલ્લાના ઘેડ વિસ્તારના ગામો માટેના જીવાદોરી સમાન અમીપુર ડેમના નવા વેસ્ટ વીયરનું કામ કોન્ટ્રાક્ટર સાથેના વિવાદને કારણે છેલ્લા છ વર્ષથી અટકેલું છે તેને કારણે હજારો ખેડૂતોને સિંચાઈનું પાણી મળતું નથી. વિવાદ ખતમ કરીને આવતાચોમાસા પહેલા કામગીરી પુર્ણ થાય તેવી માંગ રાજ્ય સરકાર સમક્ષ કરવામાં આવી છે.

કોંગ્રેસ પક્ષના પ્રતિનિધિ મંડળમાં ધારાસભ્યશ્રી વિમલ ચુડાસમા, શ્રી અરવિંદ લાડાણી, પૂર્વ ધારાસભ્યશ્રી બાબુભાઈ વાજા, વરિષ્ઠ આગેવાનશ્રી હિરાભાઈ જોટવા સહિત સ્થાનિક જીલ્લાના આગેવાનો જોડાયા હતા અને ઘેડ વિસ્તારની ૨૦ વર્ષથી પડી રહેલી ભારે મુશ્કેલી અંગે માહિતી આપી હતી.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવકતા